ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૦.૪ ડીગ્રી
લઘુતમ : ૨૮.૬ ડીગ્રી
ભેજ
સવારે ૭૭ ટકા ● સાંજે ૪૧ ટકા

# બજારોમાં ખાટા-મીઠા કાળા જાંબુનું આગમન

## આ વર્ષે ચોમાસા પહેલા જ બજારોમાં જાંબુનું આગમન : જાંબુમાંથી આજકાલ ઘણી બધી વાનગીઓ બનાવવામાં આવે છે

ગાંધીનગર, તા. ૧૧

શહેરમાં બજારોમાં ધીરે ધીરે જાંબુની આવક થઈ રહી છે. ચોમાસાની ઋતુ આવતા પહેલા બજારમાં જાંબુ ૮૦ થી ૧૦૦ રૂપિયા પ્રતિ કિલો વેચાય છે. જેમાં દેશી જાંબુ ૭૦ થી ૮૦ રૂપિયા કિલો અને પારસ જાંબુ ૯૦ થી ૧૦૦ રૂપિયા પ્રતિ કિલો બજારમાં વેચાઈ રહ્યા છે. જાંબુને ડાયાબિટીશના દર્દીઓ માટેનું ખાસ ઉપયોગી ફળ કહેવાય છે. જાંબુના ફળમાં ઠળિયા, છાલ, ગર્ભ એ ડાયાબિટીશના દર્દીઓ માટે ફાયદાકારક છે. જાંબુના ઠડિયામાંથી જામ્બોલીન નામનું તત્વ મળે છે. ગાંધીનગર શહેરની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ખેતીનો વ્યવસાય સાથે ફળફળાદિ વૃક્ષોનું પણ વાવેતર કરવામાં આવે છે. ખાસ કરીને આ વૃક્ષો ખેતરમાં શેઢે જોવા મળે છે. જેમાં ચોમાસાનું આ ઋતુ ફળ કહેવાતા જાંબુનું વરસાદની પધરામણી પહેલા જ આગમન થઈ ચુક્યુ છે. ગાંધીનગરમાં સેક્ટર-૨૧, સેક્ટર-૨૪, સેક્ટર-૭ માં શાકમાર્કેટમાં જાંબુ વેચાઈ



રહ્યા છે. શહેરમાં જોવા મળતા જાંબુના વૃક્ષો પર જાંબુના કાળા ઝુમખા ઝુલવા લાગ્યા છે. ચોમાસાના પ્રારંભે માર્કેટમાં જાંબુનું આગમન થાય છે જોકે ચાલુ વર્ષે જાંબુનું વહેલા આગમન થયું છે. જેમાં દેશી જાંબુ શહેરના આસપાસના વિસ્તારોમાંથી બજારો સુધી પહોચે છે.

જાંબુમાં રહેલા એસિડ દ્રવ્યો પથરીને ઓગાળવાનો ગુણ ધરાવે છે. ઉનાળામાં આમ જોવા જઈએ તો ફળોનો રાજા કેરીનું આગમન થાય એટલે બધા ફળો રજા લઈ લે છે. પણ કેટલાક ગુણકારી ફળો ખાવાથી શરીરમાં ઘણા રોગો મટે છે તેમાં રાવણા જાંબુનો નંબર પણ આવે છે. તે પારંપરિક ઔષધ છે. જાંબુ સ્વાદે ખટમીઠા હોવાથી બાળકોથી મોટેરા સુધી તમામને પસંદ પડે છે. જાંબુને રાવણા જાંબુ, બ્લેક બેરી અથવા બ્લેક જામુન પણ કહેવાય છે. જાંબુમાં પોટેશિયમની માત્રા ભરપુર હોવાથી હાર્ટએટેક, હાઈ બ્લડપ્રેસર, સ્ટ્રોક વિગેરે બિમારીથી બચાવે છે. લોહીની માત્રા ઓછી હોય તો તેને અવશ્ય જાંબુનું સેવન કરવું જોઈએ. કારણ કે તેમાં વિટામીન, કેલ્શીયમ, આયર્ન, પોટેશિયમ હોવાથી રોગપ્રતિકારક શક્તિ વધારે છે.

જાંબુના જ્યુસનું આજકાલ બહુ જ ચલણ છે. જાંબુનું જ્યુસ, જાંબુ ફ્રેશનર, જાંબુ શોટ્સ, સ્ટફ્ડ અપરોટ જાંબુ રબડી, જાંબુ કાઈપીરીન્હા, પાઈનેપલ મોકટેલ, જાંબુના લાડુ, જાંબુનો હલવો, મિલ્કશેક અને જાંબુકેક જેવી વિવિધ વાનગીઓ બને છે. જે ખૂબ જ ટેસ્ટી હોવાથી આજનો યુવાવર્ગ તેનો ચાહક છે.

## જન્મદિને વધામણી



આશિષકુમાર જે બરંડા



માનવ વિપુલકુમાર રાઠોડ



જ્યોતિબેન ઠક્કર
લાયોનેસ ક્લબ



ધ્રુવી રશ્મિકાંત પટેલ
મો. ૯૯૨૫૪ ૭૦૧૧૬



પાર્શ્વ ડી. દરજી

# તામિલનાડુના સ્વામીજી રુત્ર સિદ્ધારે બ્રહ્માકુમારીઝ સે-૨૮ની મુલાકાતે



ગાંધીનગર, તા.૧૧ બ્રહ્માકુમારીઝના વૈશ્વિક મુખ્યાલય માઉન્ટ આબુ ખાતે આયોજિત એજ્યુકેશન કોન્ફરન્સમાં હાજરી આપી તામિલનાડુ, પટ્ટુકોટ્ટાઈ-કરગવાયલના સ્વામી રુત્ર સિદ્ધાર બ્રહ્માકુમારીઝ, સેક્ટર-૨૮, ગાંધીનગરની વિશેષ મુલાકાતે આવ્યા હતા. તેમના બે દિવસના રોકાણ દરમ્યાન જાણવા મળેલ કે તેઓ કાશી મણિકરના ખાતે ૯૬ દિવસ તપસ્યા કરી કુંડલિની જાગૃત થતાં ભારતના અનેક ભાગોમાં પ્રવેશ કરી આખરે પટ્ટુકોટ્ટાઈના કરગવાયલ ખાતે સ્થાઈ થયેલ. પોતાના ભક્તો માટે તેઓ પિતા સમાન છે કે જેમના જાદુઈ સ્પર્શ માત્રથી કેન્સર, સ્ટ્રોક, હાર્ટ એટેક, સંતાન પ્રાપ્તિ અને વિવિધ જટિલ સ્વાસ્થ્ય સમસ્યાઓ દૂર થાય છે. તેમના બે દિવસના ગાંધીનગર સેવાકેન્દ્ર પરના રોકાણ દરમ્યાન તેઓ અહીના વાયબ્રેશન અને આગતા સ્વાગતાથી ખૂબ પ્રભાવિત થઈ પુનઃ અહી આવવાની ભાવના વ્યક્ત કરી હતી.

## જૂનાગઢની પરંપરા ગાંધીનગરમાં જળવાઈ

ગાંધીનગર, તા.૧૧

સવતંત્ર સેનાની એવમ સંત શિરોમણી, સેવાના ભેખધારી, શ્રધ્યેય સમર્થ સંતશ્રી પ્રાગદાસબાપા, ગોદડીયા પંથના ચોથા જયોર્તિધર દ્વારા પ્રસ્થાપિત 'રામવાડી અન્નક્ષેત્ર ટ્રસ્ટ' ગીરનાર રોડ, જુનાગઢ દ્વારા તાજેતરમાં એલઆરડી ઉમેદવારોને પ્રેકટીકલ પરીક્ષા સમયે સતત ૪૬ દિવસ સુધી આશરે ૧૮,૫૭૬ પરીક્ષાર્થીઓને ભોજન અને ગાદલાની સુવિધા તદન મફત પુરી પાડી 'જયાં ટુકડો ત્યાં હરી ઢુકડો' સંતશ્રી પ્રાગદાસબાપાના સ્વમુખે ગમતો મંત્ર સાર્થક કરી રાજયની જનતાની સેવામાં જોડાનાર એલઆરડી જવાનોનો જોમ, જુસ્સો વધારી દેશ દાઝના દર્શન કરાવ્યા હતા.

એવી જ રીતે ગાંધીનગર ખાતે ગુજરાત રાજયજાહેર સેવા આયોગ દ્વારા પીએસઆઈની પરીક્ષા માટે તા.૧૧ અને ૧૨ જૂન ૨૦૨૨ એમ બે દિવસ આશરે ૬૦ ઉમેદવાર ગાંધીનગર ખાતે આવેલ છે અને આ ઉમેદવારોને સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજવાડી સેકટર-૭ ગાંધીનગર ખાતે રહેવાની અને જમવાની મફત વ્યવસ્થા, જુનાગઢના રામવાડી અન્નક્ષેત્ર ટ્રસ્ટની પરંપરા મુજબ શ્રી પ્રાગદાસબાપા રામવાડી અન્નક્ષેત્ર ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ.એન.પી. પટેલ (વેસ્ટર્ન એગ્રી સીડસ લી.)એ તદન નિઃશુલ્ક વ્યવસ્થા કરીને ગાંધીનગરમાં પણ આ પરંપરા ચાલુ રાખવાની સપરિવારે નેમ લીધી છે. વધુમાં આ ઉમેદવારોને પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક અને પ્રામાણિકતાથી બજાવવા અનુરોધ કર્યો હતો અને બધાની સફળતા માટે શુભકામના પાઠવી હતી.



ગાંધીનગર દક્ષિણ વિધાનસભાનાં દંતાલિ ગામથી જમિયતપુરા ગામ સુધીના રસ્તાનું રીસરફેસીંગના કામની કામગીરીનો પ્રારંભ ગાંધીનગર દક્ષિણ વિધાનસભાનાં ધારાસભ્ય શંભુજી ઠાકોરના સ્વ હસ્તે કરાયો હતો જેમાં મોટી સંખ્યામાં નાગરિકો જોડાયા હતાં.

# શહેરમાં અવારનવાર ઉભરાતી ગટરોની સમસ્યાનો નિકાલ લાવવાની માંગ

## સે-૫ એ-બી-સી રહેણાંક વિસ્તારમાં ગટરો ઉભરાતા રહીશોમાં રોગચાળાની ભીતી





ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરમાં નાગરિકોને અવારનવાર ગટરો ઉભરાવવાની સમસ્યાઓ, પાણીની પાઈપલાઈન તૂટવાની સમસ્યાઓ, વીજળીની સમસ્યાઓ વિગેરે જેવી નાની મોટી સમસ્યાઓથી હેરાન પરેશાન થવું પડી રહ્યું છે. દરરોજ શહેરમાં ઠેક ઠેકાણેથી આ સમસ્યાઓ અંગેની ફરિયાદો ઉઠતી જોવા મળે છે ત્યારે સેક્ટર-૫ એ, બી, સી વિભાગના રહેણાંક વિસ્તારમાં પ્લોટ નં. ૨૬૫થી ૨૭૦ એ ને પ્લોટ નં. ૮૮૦/૨માં છેલ્લા એક માસથી ગટરો ચોકપ થઈ ગઈ છે. જેમાં સેક્ટર-૫ વસાહત મહામંડળ દ્વારા પાટનગર યોજના વિભાગના સંબંધિત અધિકારી અને સેક્ટર-૩ સુવિધા કેન્દ્ર ખાતે અવારનવાર વસાહતીઓ દ્વારા ફરિયાદો રજીસ્ટરમાં નોંધવામાં આવી છે છતાં કોઈ ધ્યાન આપવામાં આવતું નથી. આ ઉપરાંત વસાહતીઓ દ્વારા સીધી રજુઆત કરવામાં આવી હતી તેમ છતાં સંબંધિત કચેરી દ્વારા નકકર કામગીરી કરવામાં આવી રહી નથી. હવે ચોમાસાના દિવસો નજીકમાં છે ત્યારે વસાહતીઓને ઉભરાતી ગટરોનો સામનો કરવો કઠિન પડશે તેવામાં ઝડપથી આ સમસ્યાનું નિરાકરણ કરવું અનિવાર્ય છે પરંતુ જવાબદાર તંત્ર એ કામ ન કરવાના સોગંદ લીધા હોય તેમ નાગરિકોની ફરિયાદોને સાંભળવામાં અને નિરકારણ લાવવામાં તંત્ર ઉણું ઉતર્યુ છે. સ્થાનિક કોર્પોરેટર છાયાબેન ત્રિવેદી એ પણ રજુઆતો કરી હતી પરંતુ આ નઘરોળ સરકારી તંત્ર આંખ આડા કાન કરી વસાહતીઓની ફરિયાદો ઘોરીને પી જાય છે. હાલમાં ઉનાળાની ગરમીમાં વસાહતીઓના ઘર આંગણે ચોકડીની ગટરો ચોકપ થવાથી ખૂબ જ દુર્ગંધ મારે છે અને વાતાવરણ દૂષિત થાય છે. આથી પાણીજન્ય રોગચાળાનો વસાહતીઓ ભોગ બને તે પહેલાં સેકટર-૫ વસાહતમાં વારંવાર ઉભરાતી ગટરોની સમસ્યાઓનો કાયમી ઉકેલ લાવવા સેકટર-૫ વસાહત મહામંડળના પ્રમુખ કેશરીસિંહ બિહોલાએ જણાવ્યું હતું.

# એડવોકેટ ડૉ. અશ્વિનભાઈ ત્રિવેદી લેખિત પુસ્તક 'ધ ઈલેક્ટ્રીસીટી એક્ટ, ૨૦૦૩'નું વિમોચન




ગાંધીનગર, તા.૧૧

શ્રી સ્વામિનારાયણ શિક્ષણ વિહાર, સેક્ટર-૨૨, ગાંધીનગર ખાતે વિશ્વ હિન્દુ પરિષદ ગુજરાત વિધિ પ્રકોષ્ટ (લીગલ સેલ) દ્વારા ઉત્તર ગુજરાત પ્રાંતનો પ્રશિક્ષણ વર્ગ-ટ્રેનીંગ વર્કશોપ યોજાયો હતો. આ પ્રસંગે વિવિધ વકતાઓએ ગેરકાયદે ધર્માંતરણ (લવ જેહાદ), મંદિર મુક્તિ, વકફ એક્ટ, ઓપન નમાજ અને લાઉડ સ્પીકર, ગૌરક્ષા, અશાંત ધારો, ગેરકાયદે જમીન દબાણ અને મજાર દરગાહ, હલાલ સર્ટિફિકેશન, પોલીસ ઓફ વંશીય એક્ટ વિષય ઉપર પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. વધુમાં એડવોકેટ એન્ડ સ્પે. પી. પી. ગાંધીનગર, ડૉ. અશ્વિનભાઈ ત્રિવેદી દ્વારા લખેલ દળદાર અને માહિતી સભર પુસ્તક 'ધ ઈલેક્ટ્રીસીટી એક્ટ, ૨૦૦૩'નું વિમોચન જાણીતા પૂર્વ ન્યાયાધીશ આર. આર. ત્રિપાઠીના કરકમલો દ્વારા કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે ડૉ. અશ્વિનભાઈ ત્રિવેદી કાયદાશાસ્ત્રી હોવા ઉપરાંત સારા સાહિત્યકાર છે. આ પ્રસંગે માનવ અધિકાર પંચના સદસ્ય જસ્ટીસ આર.આર. ત્રિપાઠી , ઉત્તર ગુજરાત વિશ્વ હિન્દુ પરિષદના અધ્યક્ષ દિલીપભાઈ ત્રિવેદી, દીપકભાઈ વ્યાસ, વિજયભાઈ પટેલ, પ્રાંત સહ સંયોજક અંકિત બમાણી, એસ. કે. પટેલ તથા વિશાળ સંખ્યામાં વકીલ મિત્રો, શુભેચ્છકોએ હાજર રહી શુભેચ્છાઓ પાઠવી હતી.

# રોટરી ક્લબ ગાંધીનગર દ્વારા માર્ગદર્શન સેમિનારનું આયોજન



ગાંધીનગર, તા.૧૧

રોટરી ક્લબ ગાંધીનગર દ્વારા માર્ગદર્શન સેમિનારનું આયોજન એલ.ડી.આર.પી કેમ્પસ ખાતે થયું હતું. જેમાં સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન જશવંત ગાંધીએ કર્યુ હતું તથા પારસભાઈ અને નીના ગણેશન દ્વારા અન્ય વ્યવસ્થા કરવામાં આવી હતી. કાર્યક્રમમાં જીતુભાઈ પટેલ અને કુલદીપ જૈન ઉપસ્થિત રહ્યા હતા.

ત્રણે સ્પીકરે ખૂબ જ રસપૂર્વકની માહિતી પૂરી પાડી હતી જેમાં કાર્યક્રમના અંતે રોટરી ક્લબ વતી વકતાઓનો મોમેન્ટો આપી આભાર પ્રગટ કર્યો હતો.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. રાવલ ડાહીબેન રતિલાલ, ઉ.વ. ૮૩, સેક્ટર-૨૩
- સ્વ. દેવીપૂજક દિનેશભાઈ ગોવિંદભાઈ, ઉ.વ. ૫૦, સેકટર-૩-એ ન્યુ
- સ્વ. દરજી કલ્પેશકમાર ચંદુલાલ, ઉ.વ. ૫૨, સેકટર-૪
- સ્વ. દરજી કોકીલાબેન રમેશભાઈ, ઉ.વ. ૬૧, પેથાપુર
- સ્વ. ખાંટ શારદાબેન ડાહ્યાજી, ઉ.વ. ૪૯, બોરીજ

# કેન્દ્રીય અને પ્રદેશ ભાજપાના માર્ગદર્શન હેઠળ મહાનગર ભાજપાની ત્રિદિવસીય અલ્પકાલીન વિસ્તારક યોજનાનો આજથી શુભારંભ




ગાંધીનગર, તા.૧૧

અલ્પકાલીન વિસ્તારક યોજના અંતર્ગત મહાનગર ભાજપા સંગઠનના હોદેદારશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ, વોર્ડ સંગઠનના પદાધિકારીઓ તેમજ જવાબદારી સોંપાયેલ કાર્યકર્તાઓ આગામી ત્રણ દિવસ સુધી ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલના માર્ગદર્શન હેઠળ મહાનગરના તમામ ૧૧ વોર્ડના પ્રત્યેક બુથમાં વિસ્તારક તરીકે જઈ જણાવેલ કાર્યસૂચિ અનુસાર કાર્ય કરશે. આ અન્વયે બુથના સ્થાનિક કાર્યકર્તાઓ, બુથમાં વસતા અગ્રણીશ્રીઓ તેમજ પેજસમિતિના સભ્યો સાથે પણ સંપર્ક કરવામાં આવશે, સ્થાનિકો સાથે કેન્દ્ર તથા રાજ્યની ભાજપા સરકારની જનકલ્યાણકારી કામગીરી અંગે પરામર્શ કરવામાં આવશે, ઉપરાંત શક્તિકેન્દ્રના સંયોજક અને બુથ પ્રમુખના નિવાસ સ્થાને ભાજપની નેમપ્લેટ પણ લગાવાશે.

# ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા હરિદ્વાર ખાતે અસ્થિ વિસર્જનનું આયોજન



ગત ત્રણ માસમાં સેક્ટર-૩૦ મુક્તિધામ, સરગાસણ મુક્તિધામ તથા દહેગામ મુક્તિધામથી સ્વર્ગસ્થ થયેલ સ્વજનનાં અસ્થિ એકત્રિત કરીને પુષ્પાંજલિ અર્પણ કરીને ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા યોજવામાં આવેલ પ્રાર્થના સભા બાદ ઉદયભાઈ ત્રિવેદી તથા કરશનભાઈ પરમાર અસ્થિકુંભ સાથે અસ્થિવિસર્જન સેવાર્થે હરિદ્વાર જવા થયા હતા. આ સમગ્ર વ્યવસ્થા અરુણભાઈ બુચ, શશિકાન્ત મોઢા, પ્રદીપ સોલંકી, સુધીર દેસાઈ તથા મુકેશભાઈ શુકલ દ્વારા કરવામાં આવી હતી.



ગાંધીનગર દક્ષિણ વિધાનસભાના સૌનો સાથ સૌનો વિકાસ અન્વયે જમિયતપુરા ગામ ખાતે પેવર બ્લોક નાખવાનાં ખાતમુહૂર્ત વિધિમાં ગાંધીનગર દક્ષિણ વિધાનસભાનાં લોકલાડીલા ધારાસભ્ય શંભુજી ઠાકોરના સ્વ હસ્તે કરવામાં આવ્યું જેમાં મોટી સંખ્યામાં નાગરિકો જોડાયા હતા.

# રેડીયન્ટ સ્કૂલમાં શિક્ષક-પ્રશિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું



ગાંધીનગર, તા.૧૧

સરગાસણ સ્થિતિ ટીપી નં.-૯ વિસ્તારમાં આવેલ રેડીયન્ટ સ્કૂલ ઓફ સાયન્સમાં નવિન શૈક્ષણિક સત્ર ૨૦૨૨-૨૩ની શરૂઆત પહેલાં શાળા-મેનેજમેન્ટ દ્વારા સમગ્ર સ્ટાફ માટે ૬ થી ૧૦ જુન ૨૦૨૨ દરમિયાન 'શિક્ષક-પ્રશિક્ષણ શિબિર'નું આયોજન કરવામાં આવ્યું હતું. સદર આયોજનમાં શાળાને વિશ્વની એક માત્ર ચિલ્ડ્રન યુનિવર્સિટી, ગાંધીનગર તરફથી પૂરતો સહયોગ મળ્યો હતો. ચિલ્ડ્રન યુનિવર્સિટીના કુલપતિ હર્ષદભાઈ શાહ, કુલસચિવ અશોકભાઈ પ્રજાપતિ, વિદ્યાનિકેતન વિભાગના અધ્યક્ષ ડૉ. કૃણાલ પંચાલ તેમજ ખૂબ જ અનુભવી અને કુશાગ્ર બુદ્ધિક્ષમતા ધરાવતા યુનિવર્સિટીના પ્રોફેસરો દ્વારા શાળાના સમગ્ર સ્ટાફને પ્રશિક્ષિત કરવામાં આવ્યા હતા. પાંચ દિવસ ચાલેલા આ શિબિરમાં વર્ગને સ્વર્ગ કેવી રીતે બનાવી શકાય, બાળકોમાં સ્વયંશિસ્ત કેવી રીતે જન્માવી શકાય, બાળકને જાતે ભણતું કેવી રીતે કરી શકાય, વગેરે જેવા અનેક પ્રકારના બાળ વિકાસને લગતા પ્રયોગો પીરસવામાં આવ્યા હતા. સંસ્થાના પ્રમુખ પી.એમ. વામજા અને આચાર્ય જે.બી. વામજાએ ચિલ્ડ્રન યુનિવર્સિટીના કુલપતિ, કુલ સચિવ, અધ્યક્ષ તેમજ તમામ પ્રોફેસરોનો ભાવપૂર્વક આદર સત્કાર કર્યો હતો અને સંસ્થા માટે પોતાનો કિંમતી સમય ફાળવવા બદલ તેમનો આભાર વ્યકત કર્યો હતો. સાથે સાથે શાળાના સમગ્ર સ્ટાફે શિબિર પરત્વે બતાવેલ હકારાત્મક વલણને બિરાવ્યું હતું અને શિબિરમાં ૧૦૦ ટકા હાજરી આપવા બદલ સમગ્ર સ્ટાફનો પણ આભાર માન્યો હતો.

# ધ્યાન કોમર્સમાં ભણતી વિદ્યાર્થીની સમગ્ર ગુજરાત યુનિવર્સિટીમાં ત્રીજા ક્રમે

ગાંધીનગર, તા. ૧૧

ધ્યાન કોમર્સ ગ્રુપ ટ્યુશનની વિદ્યાર્થીની મિતાલી પ્રજાપતિ ટી.વાય.બી.કોમ. સે. ૬માં ગુજરાત યુનિવર્સિટીમાં ત્રીજા તથા ગાંધીનગરમાં પ્રથમ ક્રમે આવી છે. મિતાલીએ ૮૯ ટકા સાથે સમગ્ર ગુજરાત યુનિવર્સિટીમાં ત્રીજો નંબર મેળવ્યો છે. જેમાં



સ્ટેટીસ્ટીક્સમાં ૭૦/૭૦, અકાઉન્ટમાં ૭૦/૭૦ તથા ઓડિટમાં ૬૪/૭૦ ગુણ પ્રાપ્ત કરીને સરકારી કોમર્સ કોલેજમાં તથા ગાંધીનગરમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી ગાંધીનગરનું ગૌરવ વધાર્યું છે તે બદલ ધ્યાન કોમર્સ ગ્રુપ ટ્યુશન તરફથી વિદ્યાર્થીનીને અભિનંદન પાઠવ્યા હતા.